# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

'વિકાસ' નામે આંખ મીંચી મત આપી દીધા!
અને ભાજપી નેતાઓને માથે થોપી લીધા!
ને કાપી દીધા હાથ, મોંઘવારીથી તારવા -
એણે તો 'હિંદુત્વ' - 'ધર્માંતરણ' સ્થાપી દીધાં
(યુ-ટર્ન ?!)

**હાઈકુ**

સંકોરે અગ્નિ,
યુદ્ધના ધૂણામાંથી -
સિંગલ બાબા..
(ભારેલો અગ્નિ?!

વિકાસ ગઢે,
સંઘની સુરંગોથી
પડે ગાબડાં
(ભડકાઉ નિવેદનો)

## ચિંતન

**પ્રમદા મદિરા લક્ષ્મીર્વિજ્ઞેયા ત્રિવિધા સુરા । દૃષ્ટ્વૈન્માદ્યત્યેકા પીતા ચાન્યાતિ સંચયાત ॥**

'પ્રેમિકા', મદિરા (દારુ) અને લક્ષ્મી (ધન-પૈસો) આ ત્રણ પ્રકારની સુરા-ડ્રગ-કેફી-સુરા જ છે -

પહેલી-પ્રેમિકાના દર્શન માત્રથી માણસમાં ઉન્માદ-ગાંડપણનો ઉશ્કેરાટ આવી જાય છે, અને બધી જ મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે.

બીજી-નું પાન કરવાથી - દારુ પીવાથી માણસ મન-મગજની સમતુલા ગુમાવે છે અને બેભાન થઇ અભાનપણે એલફેલ બોલવા લાગે છે અને બધી જ મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે.

અને ત્રીજી - ધન સમૃદ્ધિના વધારે પડતા સંચયથી ભાન ભૂલે છે. આજના નેતાશ્રીઓ અને અધિકારીઓ કરોડો-અબજોની ખાયકી કરે છે એ લક્ષ્મી ભોગવવા માટે નહીં પણ એક પ્રકારની ગાંડી-ઘેલછા-ગાંડપણ જ છે. નહીં જીવનની જરૂરિયાત કેટલી છે એ તો એમને પણ ખબર જ હશે ને? આટલું-આટલું મારી સાત પેઢી પણ નહીં ખાઇ શકે- છતાં 'ગાંડપણ' તેમને સંગ્રહમાંથી મુક્તિ આપતું નથી. આમ, પ્રેમિકા, ડ્રગ્સ કેફી પીણાં અને બે નંબરી નાણું માણસને ગાંડા બનાવી ભાન ભૂલાવે છે.

## સુવિચાર

- ધન, તમાશાને નિર્માણ કરી શકે છે, તિર્થને નહીં, મંદિરને નહીં - ચંદ્રકાન્ત બક્ષી
- સિનેમા જોવામાં આનંદ હોત તો માથું દુખતું હોય ત્યારે પણ એ આનંદ મળવો જોઇએ, મૂળ વાત આનંદ વસ્તુમાં, પદાર્થમાં નથી, માનવીના મનમાં છે, જીવન તરફ કેળવેલી જોવાની દૃષ્ટિમાં છે - એસ. ભટ્ટાચાર્ય
- લોકો કહે તે કરવું સહેલું છે, કાં તો લોકોથી દૂર રહીને પોતાની રીતે જીવન જીવવું એ સરળ છે, પરંતુ લોકોની વચ્ચે મીઠાશથી રહી સ્વતંત્ર રીતે પોતાની રીતે ફક્ત મહાપુરુષો જ જીવી શકે છે - ઇમર્સન
- પ્રેમ એટલે આપવું લેવું નહીં.. પ્રેમ એટલે હોવું, પામવું.. મેળવવું નહીં - એરિક ફ્રોમ
- ઠગ, લુંટારા, બહારવટિયા એ બધા જીવનના જુગારીઓમાં માનવતા વધુ હોય છે.. કારણ કે તેમને પોતાના દુષ્કૃત્યો ઉપર સોનેરી વરખ ચડાવતાં આવડતું નથી - ખલિલ જિબ્રાન
- 'જીવન એક સંગ્રામ છે, અને ઘા ઝીલ્યા વગર યુદ્ધ કેમ થઇ શકે??' - જીવનસૂત્ર
- 'પથનાં પથ્થર તોડીને, તું વહેતી કર સરવાણી.. નિજ હૈયેથી વહેશે તારે, ધનપાતાળે પાણી' - કવિ જવાહર બક્ષી

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજે બધા પક્ષોમાં નાનાં કાર્યકરમાંથી મિનિસ્ટર સુધી પહોંચ્યા હોય એમાં એણે 'કેટલો ભાગ દીધો' એના કરતાં 'કેટલા ભોગ લીધા' એ મુખ્ય કારણ હોય છે. ચમચાગીરી કેટલાય ભેખદારી, સેવાભાવી ના હક્કા ડૂબાડી, પ્રધાનોનાં કાળાધોળાં-સોપારીઓમાં સહાયભૂત થયા હોય પછી જ તેમને ચા ના ગલ્લા પરથી પ્રધાન થવા મળે છે. એટલે આ એનું બહુમાન નથી - પણ તેની તમામ બદકર્મીનું જ ઇનામ છે - શરમ છે.

એક શેરીનો કૂતરો સ્વભાવે બહુ જ ખરાબ હતો. આવતાં જતાંને વિના કારણ ભસે ઊંઘતો હોય તો ઘૂરકાટ કરે! કોઇને વડચકાં કોઇને બચકાં ભરે, પોતાના પાલકો, સાથીદાર, મિત્રો કોઇની શરમ ન ભરે. બસ હું જ એકલો સર્વસ્વ - નેતા..

શેરીના-આસપાસની બજારના લોકો ત્રાસી ગયા હતા. બધાએ સાથે મળી એની ડોકે ઘંટડીઓવાળો પાટો બાંધી નાખવા નિર્ણય કર્યો. જેથી એ હોય તેનાથી દૂર રહી શકાય. (તોફાની વિદ્યાર્થીને જેમ મોનીટર બનાવી દેવાય એમ)

પટ્ટો બંધાયા પછી તો પરિણામ ઉલ્ટું આવ્યું એને એમ કે લોકોએ મારું સન્માન કર્યું. એટલે વધારે વિફર્યો - જેની તેની પાછળ દોડી કરવા લાગ્યો. ઊંચી ડોક રાખી ચાલવા લાગ્યો.

એક વૃદ્ધ કૂતરાએ એને બોલાવી સમજાવ્યું કે 'આ પટ્ટો તારું સન્માન નથી. તારા સ્વભાવની શરમ છે.' લોકો તારાથી દૂર રહેવા માગે છે!

(મૂર્ખ અને ઘમંડી લોકો પોતાના જ યશોગાન કરે - કરાવે છે.)

Email - sureshchandrabhatt18@gmail.com

# મિશન 'ક્લિન'...!! ભારત સ્વચ્છ બનાતેં હૈ, ચલ યાર, ઝાડૂ માર...!!

## રસ્તા અને બગીચા ચોખ્ખા રહે એવું ઇચ્છે સૌ, પણ ગંદકી ના ફેલાય એ માટે તૈયાર નહીં
## સ્વચ્છતા અભિયાનના ઝાડૂ સાથે ફોટા પડાવે સૌ, પણ એ કાયમી ટેવાય એ માટે તૈયાર નહી



**Hello ફ્રેન્ડસ!**

–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

...એમ તો આ શિક્ષિકાને હું ૨૦ વર્ષથી ઓળખું છું... સરકારી શાળાની શિક્ષિકા, ઓળખાણના અભાવે હંમેશા શહેરના પછાત વિસ્તારમાં એને પોસ્ટીંગ મળે. એને પણ એ શાળા અને એના ગરીબ-ગંદા બાળકોની એવી ટેવ થયેલી કે બદલી થવાની હોય તો સામેથી જ એવી શાળા માંગી લેતા... એના કામનું સન્માન પણ થયેલું... આમ તો એનું નામ આપવામા વાંધો નહીં, પણ જવા દો ને... આ શિક્ષિકા મને અવારનવાર ફોન પણ કરે... સરકારી વ્યવસ્થાની ઉણપ અને અનિષ્ટની વાતો કરી એનો બળાપો કાઢે અને એનો રસ્તો કરવા માટે પ્રયત્ન પણ કરે...

સેક્ટર નવના એરફોર્સ વિસ્તારમાં રાત્રે જમીને લટાર મારવા નીકળેલો અને રસ્તામાં આવતા જતાં વાહનો પરના ચિત્ર-વિચિત્ર વાક્યો વાંચી મલકાતો હતો... 'નિવૃત્ત અધિક સચિવ', 'મા-બાપના આશીર્વાદ', 'બાપને પેસે લહેર.', 'હનુમાનજીના આશરે', 'એક તેરા સાથ...' આજકાલ ગાડી પર લખાવવાની ફેશન થઇ ગઇ છે... એ શિક્ષિકાનો ફોન આવ્યો, 'હેલ્લો' બોલતા જ ધાડધાડ બોલવાનું શરૂ... ભાઇ, અમારે ત્યાં સ્વચ્છતા કાર્યક્રમ થયો. એમ તો અમે કાયમ સ્વચ્છતા કરીએ છીએ, પણ નેતા અને અધિકારીએ કહ્યું, 'આજે આપણે સ્વચ્છતાનો કાર્યક્રમ કરીએ...'

પત્યું... શાળાના વિદ્યાર્થીઓ તડકામાં રાહ જોતા ઉભા રહ્યાં એ માનવંતા મહેમાનોની રાહ જોઇને... દોડાદોડી કરી ફોટોગ્રાફર, મિડિયાવાળા બોલાવ્યા... રિબીન, કાતર, શ્રીફળ, કપૂર, અગરબત્તી, ફુલોના હાર... અને ગંદકી હોય એવી જગ્યા શોધવાની શરૂ થઇ... મહેમાનો માટે સ્વાગત ગીત તૈયાર કરાયું... શાળામાં ભણવાની રજા જાહેર થઇ અને અમે બેઠાં પેલાં માનનીય મહેમાનોની રાહ જોઇ.. નવનો કાર્યક્રમ ૧૨ વાગે શરૂ થયો... ભાષણ કેમેય કર્યા પતતાં નહોતા... ભાષણ પણ છોડોનો, મજાક હતી... 'ભારતને મહાસત્તા બનાવવા માટે સ્વચ્છતા કરો...' 'વિકાસ કરવાને છે સ્વચ્છતા કરો'... 'ધર્મનિરપેક્ષતા લાવવી છે : સ્વચ્છતા કરો...' જાણે આ ઝાડૂ મારવો, એટલે રામબાણ દવા જ સમજી લો... ફોટોગ્રાફર આવ્યાં... બધાંએ પોઝ આપ્યો... ફલેશ ઉડી... અને સ્વચ્છતા થઇ ગઇ...



અધિકારી અને નેતા પાર્ટી કરવા ફાર્મ હાઉસ પર પહોંચ્યા... જતા જતા પત્રકારોને પણ સાથે લેતા ગયા... પાર્ટી જે જગ્યાએ કરી ત્યાં કચરાના ઢગલા કરતા આવ્યા... બાપરે, અમારા બાળકો બપોરે બે વાગ્યા સુધી 'અક્ષયપાત્ર' નો ડબ્બો પણ ખોલી શક્યા નહી... લો હવે તમે જ બોલો, સ્વચ્છતા અભિયાન આવું જ હોય છે...? તમે કંઇક લખો ને... શિક્ષિકા બોલતાં બંધ થયા, એના બે કારણો... એક, એરફોર્સ એરિયામા નેટવર્કનો પ્રોબ્લેમ અને બીજું, એટલે કદાચ એમનું બોલવાનું પત્યું જ હશે...!

સ્વચ્છ ભારત અભિયાન માટે આવો આ કંઇ પહેલો પ્રસંગ નહોતો... દિલ્હીમાં સ્વચ્છતા અભિયાન માટે બે-ચાર નેતા-મંત્રીઓએ ખોટો ખોટો કચરો ભેગો કરી ફોટો માટે પોઝ આપ્યો હતો... આજે તો મોટા ગજાના નેતા-અભિનેતા ઝાડૂ સાથે દેખાય છે... પ્રચાર-પ્રસાર માધ્યમની ઘણી મોટી જગ્યા નવીનક્કોર ઝાડી ખાઇ જાય છે... ઝાડુનું માર્કેટ ઊંચકાયું છે... ફોટોગ્રાફરના સારા દિવસો આવ્યા છે... લોકો ભેગા થાય ત્યાં વાતો કરે છે, કે અમે સ્વચ્છતાનો કાર્યક્રમ કર્યો, અમે ઝાડુ હાથમાં પકડીને જોયો... અમે અમારો બાયોડેટા સ્વચ્છતા અભિયાન સાથે સુધાર્યો...

સ્વચ્છતાનો વિરોધ કોઇ પણ ડાહ્યો માણસ કરે જ નહી... સમાજ, દેશ અને વ્યક્તિ સ્વચ્છ હોવો જ જોઇએ : પણ સ્વચ્છતા એટલે કાર્યક્રમ? દિલ્હીથી કોઇ બુમ પાડે એટલે આપણે દોડવાનું? 'અલ્યા, ગરીબી હટાવો' એટલે આપણે ગલ્લીમાં જઇને ગરીબી હટાવવાની... 'અલ્યા, સ્વચ્છતા કરો' એટલે આપણે ઝાડૂ લઇને સોસાયટીમાં ઉતરી પડવાનું ? ...ગાંધીજી કે રવિશંકર મહારાજે ફોટોગ્રાફર સાથે લઇને કે ટીવીનો પ્રાઇમ ટાઇમ ખાઇને સ્વચ્છતા નહોતી કરી... માથા પર મેલું ઉંચકેલો ગાંધીજીનો ફોટો કયાંક નહીં મળે... સરદાર પટેલ પત્રકારોને લઇને સફાઇ નહોતા કરતા... મોટા સન્માનનીય લોકોએ કયારેય એવું કર્યું નથી...

આ બધા સન્માનનીય સ્વચ્છતાને એક સંસ્કાર, એક વિચાર, અંદર અને બહારથી કરવાનો એક વર્તન વ્યવહાર માનતા હતા. અત્યારની સ્વચ્છતા એ દેખાડાનું મોટું અભિયાન વધુ લાગે છે. સૌનો હેતુ, સિદ્ધ થાય છે, પણ સ્વચ્છતા થતી નથી... અમે એન.એસ.એસ. માં હતા ત્યારે ગામ આખું ચકાચક સ્વચ્છ કરતાં, બે દિવસ બાદ ફરી જઇએ તો ત્યાં કચરો દેખાતો. ગામ વાળા પૂછતાં, 'છોકરાઓ ફરી કયારે આવવાના છો સ્વચ્છતા કરવા માટે? સ્વચ્છતા જયાં સંસ્કાર છે ત્યાં ગામ, શહેર, સોસાયટી ચોખ્ખી કરવા અભિયાન કે ગાંધી જંયતિની રાહ જોવાની જરૂર જ નથી!!'

અસ્વચ્છતા કયાં તૈયાર થાય છે? એ આપણા મનમાં જ તૈયાર થાય છે... એનો અર્થ એટલો જ મન સ્વચ્છ કરવાનો કાર્યક્રમ પહેલા થવો જોઇએ. પણ ફોટો માટે વ્યાકુળ થયેલા લોકો મન સુધી પહોંચી જ શકતા નથી. એ એને ઈવેન્ટ બનાવે છે. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કે વોટ્સ એપનો વિષય બનાવે છે.

'નથી જીવન નિર્મળ બાપુ, તો શું કરશે ત્યાં સાબુ' એકાદ દિવસ એકાદી નદીમાં એક ડુબકી મારવાથી પૂણ્ય મળતું હોય તો પછી એ નદીમાં રહેતા દેડકાં-માંછલાંને એ પૂણ્ય કેમ નથી મળતું હોય? ગાંધીજી એ કહ્યું હતું, 'સ્વચ્છતા એટલે આત્મશુદ્ધી, જયાં સુધી એ થશે નહીં ત્યાં સુધી ઘર, રસ્તો, સમાજ કયારેય સ્વચ્છ થશે નહીં....' આજે તો ઉપરથી આદેશ થાય છે, સ્વચ્છતાના પ્રયોગ થાય છે, ઉત્સવ થાય છે. સારી વાત છે... પણ જયાં સુધી અંદરના આત્માનો આદેશ મળતો નથી ત્યાં સુધી સ્વચ્છતા કયારેય કાયમી સ્વરૂપ મેળવતી નથી... આપણો સમાજ પ્રવાહમાં તણાય છે, એ વી.પી. સિંહ, અણ્ણા હજારે, કારગીલ, નિર્ભયા કે પછી નરેન્દ્ર મોદી... એવું જ અત્યારે સ્વચ્છતાનું મોજું આવ્યું છે...

'સ્વચ્છતા અભિયાન' જરૂરી છે, પણ સ્વચ્છતા કેવી રીતે કરવી એ મહત્ત્વનો પ્રશ્ન છે. સ્વચ્છતાના સંસ્કાર ઘરમાંથી જ શરૂ કરવાના છે, આપણું ઘર, શાળા, જાહેર જગ્યા, કચેરી, રસ્તા... બધું આપણું છે એવું મનમાં પાક્કું થશે ત્યારે ગમે ત્યાં કચરો ફેંકતા હાથ અચકાશે... કોમ્પ્યુટરમાં વાયરસ આવે અને પ્રોગ્રામ કરપ્ટ કરે એમ આપણા મગજમાં કચરા માટેનો જે વાયરસ ઘુસ્યો છે, એને ડિલીટ કરવાની જરૂર છે, સ્વચ્છતા સમજનારો સમાજ જયારે તૈયાર થઇ જશે ત્યારે, અભિયાન ચલાવવાની જરૂર જ નહીં પડે!!

... પેલા શિક્ષિકા અધિકારીને કહીને થાક્યા, 'અમે અહીં રોજ સ્વચ્છતા કરીએ છીએ.' અમારી શાળાની અંદર કે બહાર કયાંક અસ્વચ્છતા નથી...' પણ એ સાંભળેતો અધિકારી શેના? એક જ ખાડામાં દર વર્ષે વૃક્ષ વાવીને વૃક્ષારોપણના ફોટા પડાવતા એ સજજનો સ્વચ્છતા કરવા કચરો ગોગતાં હતા... હવે, આમને કોણ સમજાવે કે સ્વચ્છતા અભિયાન ચલાવવા ઘણી જગ્યા અને ઘણા કામો બાકી છે...

હાલમાં સ્વચ્છતાનો પવન જોરદાર ફૂંકાયો છે. જે જાગે એ સૌ નવો નક્કોર ઝાડૂ લઈને ચોખ્ખાઈ કરવા નીકળી પડે છે અને 'સ્વચ્છ ભારત'ના સ્વપ્ના સેવે છે. યુવાનો માટે આ રસનો વિષય બન્યો છે. મોટાભાગના લોકો હવે સભાનપણે કચરો ન થાય કે સ્વચ્છતા જળવાય એ માટે પ્રયત્નશીલ છે... પણ સ્વચ્છતા જેમ બહાર કરવાની જરૂર છે, એટલી જ સખત જરૂર મન ઉપર બાગી ગયેલા કચરાને દૂર કરવાની છે, બહારનો કચરો નવા ઝાડુથી થઈ જશે, પણ અંદરની અસ્વચ્છતા માટે ઝાડુ મળતાં નથી.... પેલાં શિક્ષિકાને તો મેં એક કબીરના દોહાને અનુસરવાની વાત કરીને ફોન કટ કર્યો કે, 'બુરા જો દેખન મેં ચલા, બુરા ન મિલીયા કોઈ, જો મન ખોજા આપના, તો મુજ સે બુરા ના કોઈ...'

**ચૂંટલો :**

'મિશન ક્લિન' નો સપાટો ચાલ્યો છે, અને બધાં 'સ્વચ્છ ભારત અભિયાન' માટે 'ચલ યાર, ઝાડૂ માર,' કહીને નીકળી પડ્યા છે, ત્યારે વાસ્તવિક સ્વચ્છતાની સાથોસાથ આચાર-વિચારમાં કચરો હટાવવાનું પાક્કું થશે એટલે સ્વચ્છતા આપણો નિત્યક્રમ બની જશે અને ભારત સ્વચ્છ બનીને જ રહેશે.

## આકાશમાં છવાયેલા જળભર્યા વાદળોની જેમ તું પણ મારા મન મયુરને નૃત્ય કરવા વિવશ કરતો હતો. પણ કોણ જાણે કેમ તે જ વખતે મને અનાયાસ એ કાળા ઘન વાદળોને જોઈને મારા જીવનની સૌથી સુખદ પળોનું સ્મરણ થઈ આવ્યું, પેલી અવિસ્મરણીય ક્ષણો, જેની સાથે મારી સર્વાધિક દુ:ખદ સ્મૃતિઓ સંકળાયેલી હતી

**નવાં કલેવર**

- નટવર હેડાઉ

તારું કરૂણામય મુખારવિંદ, તારા ઉમટતા ઘુમટતાં પ્રેમઘનના વરસવાથી વર્ષાઋતુમાં પર્વતમાળા અને વૃક્ષોની જેમ, મારા હૃદયને મંત્રમુગ્ધ કરતું હતું. તારો સ્નેહભર્યો સ્પર્શ મારી સમસ્ત આધિ-વ્યાધિઓ ને હરી લેવા માંગતો હતો. તારી આંખોમાંથી છલકતો પ્રેમ મારા મનોમસિષ્ટક પર આચ્છાદિત પીડાની કાલિમાને હરાવવા આતુર હતો. તારા મર્મસ્પર્શી સ્નેહભર્ય શબ્દો અકારણ મને તારી તરફ આકર્ષી રહ્યા હતા. તારો સંયમિત વહેવાર મને અસંયમિત થતાં રોકતો હતો.

આજે પણ મારે માટે એકાંતની એ ક્ષણો અવિસ્મરણીય બની રહી છે. એ ક્ષણ એવી પવિત્ર હતી કે ગંગા જળની જેમ મને શીતળતા આપતી હતી. અને એટલો આનંદ કે સ્વયંને પણ હું ભુલી ગઇ હતી. નિર્મળ જયોત્સનાની જેમ જીવનના અંધકારને દૂર કરનારા તારા ચિરસ્મરણીય મનો ભાવ, જેને પ્રયત્નપૂર્વક ગોપીત રાખવામાં તું અસમર્થ હતો એ તારા વર્તનથી એ રીતે અભિવ્યક્ત થતાં હતા જે રીતે કોઇ વૃક્ષની ડાળીઓ ધરતીનો સ્પર્શ થતાં જ અસીમ ભારની અભિવ્યક્તિ કરે છે.

આકાશમાં છવાયેલા જળભર્યા વાદળોની જેમ તું પણ મારા મન મયુરને નૃત્ય કરવા વિવશ કરતો હતો. પણ કોણ જાણે કેમ તે જ વખતે મને અનાયાસ એ કાળા ઘન વાદળોને જોઇને મારા જીવનની સૌથી સુખદ પળોનું સ્મરણ થઇ આવ્યું. પેલી અવિસ્મરણીય ક્ષણો, જેની સાથે મારી સર્વાધિક દુ:ખદ સ્મૃતિઓ સંકળાયેલી હતી.

મોટે ભાગે તો જેની સાથે આપણી અત્યંત પ્રસન્નતા અને આનંદાનુભૂતિ હોય, તેની સ્મૃતિઓ આપણી મર્માન્તક પીડાનું કારણ બનતી હોય છે, જે વૃક્ષ વધુમાં વધુ ફળો આપે છે તેને જ આઘાત સહન કરવા પડે છે. જે પુષ્પ જેટલું વધુ આકર્ષક અને સુગંધીત હોય એટલું તે વધુને વધુ પતંગિયા અને કીટકોના ઉપયોગનું કેન્દ્ર બને એ તેની નિયતિ બની જાય છે. વાસ્તવમાં આ વિવિધ વિરોધાભાસોના પડછાયા જ જીવન છે. એવું ન હોત તો નહુશ અને મારા મિલનની ક્ષણ અમારા ચીર વિયોગની ક્ષણ બનત જ નહી.

તેને પ્રકૃતિથી બહુ પ્રેમ હતો. એક વાર તેણે મને કહેલું, 'મીતા તને ખબર છે આ નદી અને ડુંગરો મારી સાથે વાતો કરે છે. આ નદી કિનારાઓમાં બંધાઇને પણ સ્વતંત્રતાપૂર્વક બધા વિઘ્નોને પાર કરી સહજ ગતિએ અવિરત આગળ વધતી મને પ્રયોગશીલ રહેવાની પ્રેરણા આપે છે. આ પહાડો મને કહે છે કે માનવ અમને કાપી તોડીને અમારા કરતાં ઊંચી ઇમારતો બનાવવા માંગે છે છતાં આજે પણ એ અમારાથી નીચે જ છે. જો તમે તોફાનો સામે અડગ ઊભા રહો, તો નિ:સંદેહ મારી ઊંચાઇએ પહોંચી શકો.'

તે દિવસે એવાં જ સુરમયી વાદળોને જોઇને નહુશે કહેલું, 'મીતા જેવી રીતે તું આંખમાં કાજળ લગાવે છે એ જ રીતે જો પ્રકૃતિએ પણ તેની આંખોમાં કાજળ લગાવ્યું છે તેથી તેને કોઇની નજર ન લાગે.'

તેની જીવનદર્શક અને નિશ્છલ પ્રેમ ભરી વાતો સાંભળીને એ દિવસે એટલી હંસેલી કે તે પછી કયારેય એટલું હસી શકી નથી.

અમારાં લગ્નની તિથિ નક્કી થઇ ગઇ. નહુશ અમારાં જીવનની એ ચિરપ્રતીક્ષિત તિથિની જાણ સૌ પ્રથમ મને કરવા માંગતો હતો. તેથી તે મને પોતાની સાથે પેલી સુંદર પહાડોની ખીણમાં લઇ ગયો જયાં તે અવારનવાર એકલો જ જતો હતો. તે જાણતો નહોતો કે આ પહાડોની ખીણો અણારા મિલનની નહીં પણ અમારા વિયોગની સાક્ષી બનશે.

ત્યારથી આજ વર્ષો પછી, હું મારી જાતને ઓળખી શકી છું, ફરી એકવાર સુષુપ્ત આશાઓ જાગી ઊઠી છે. અને હું કોણ જાણે કયાંથી પાછી ફરીને આવી છું મારી જ સમક્ષ.

નહુશથી છૂટા પડ્યા પછી મેં નિશ્ચય કરી લીધેલો કે હું હવે લગ્ન નહીં કરું. જો કે અમારો પરિચય બહુ જૂનો નહોતો પણ જયારે અમારા માતા-પિતાએ અમને એકબીજા સાથે પરિચય કેળવવાનો મોકો આપ્યો ત્યારે એમ લાગેલું કે જાણે અમારો પરિચય ઘણો જૂનો હોય.

નહુશ અને મારો સાથ લગભગ એક માસ રહ્યો. જેમાં અમે સંપૂર્ણ જીવન જીવ્યાં હતા. અને તે પછી કયારેય કોઇ પુરુષે મને આકર્ષી હોય એવું મને યાદ નથી.

માતાપિતા દ્વારા જયારે મને કોઇ છોકરા સાથે મુલાકાત કરવાની થતી ત્યારે તેનામાં હું નહુશ જેવા પૂર્ણ પુરુષને શોધવા લાગતી. અને જયારે મને તેનાં નહુશ ન મળે ત્યારે હું કંઇ ને કંઇ બહારા કાઢી લગ્નનો ઇન્કાર કરી દેતી હતી. અંતે માતાપિતા સમજી ગયાં કે હું લગ્ન કરવા માંગતી જ નથી. તેથી તેમને મારી સાથે લગ્નની વાત કરવાની છોડી દીધી. વાસ્તવમાં નહુશથી વિખૂટા પડ્યા પછી મારી જીજીવિષા જ ખતમ થઇ ગઇ હતી. પણ મારે જીવતા તો રહેવાનું જ હતું. મારાં મા-બાપ માટે.

આજે નવા શહેરમાં મને એ જ પવિત્રતા ફરી મળી. જેને હું વર્ષોથી શોધતી હતી. જે મને મળીને પણ મારાથી વિખૂટી પડી ગઇ હતી. મારી દૃષ્ટિએ પ્રેમ એ પવિત્રતાનું પ્રતિક છે. આ પહેલાં મેં જયારે પણ હૃદયની પિપાસાને તૃપ્ત કરવાનું વિચાર્યું ત્યારે સામેના પાત્રમાં મને વાસનાના કીડા ખદબદતા દેખાતાં મેં તેને દૂર ફેંકી દીધું. ચાતક વર્ષાના નિર્મળ જળથી પોતાની તરસ છીપાવે છે અથવા તરસ્યું જ મરી જાય છે.

ગ્રીષ્મમાં વર્ષાની ઝરમર, ઠંડીમાં સુર્યનો તાપ, અને બફારામાં શીતળ મંદ પવનની લહેરખી બની તેં મને જીવનદાન આપેલું. મારી સ્મૃતિમાં આજે પણ એ મધુર ક્ષણો સજીવ છે. જયારે મેં તને પહેલીવાર જોયેલો ત્યારે જોતી જ રહી ગયેલી. અપલક... ત્યારે મને એમ લાગ્યું. જાણે કે આ અજાણ્યા નગરમાં તું મારો પોતાનો છે અને વર્ષોથી જેને શોધતી રહી છું એ જ તું છે. મને સમજણ નહોતી પડતી કે તું મારી કલ્પનાઓનું સાકાર રૂપ છે કે પછી નહુશનો પડછાયો. મને આજે પણ વિશ્વાસ નથી પડતો કે એક અજાણ્યો માણસ પહેલી નજરે આટલો આત્મીય કઇ રીતે લાગી શકે. આવી ઘટનાઓ જે મેં પુસ્તકમાં અને ફિલ્મોમાં બનતી વાંચેલ તે જોયેલ. એ બધી તને મળ્યા પછી મારા જીવનમાં બનવા લાગી રહી હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સંબંધોમાં પહેરેદારી અને મુક્તિની વિભાવના

**ગુલમહોર**

- દિનેશ દેસાઇ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ના વડા બાન કી મુને એક વાર કહ્યું હતું કે- એકવીસમી સદીમાં એ વાત કેટલી પીડાદાયક છે કે જયારે વિકસિત અને વિકાસશીલ દેશોમાં પણ સ્ત્રી સક્ષમ અને સશક્ત નથી, એનું તેના પતિ અથવા જીવનસાથી તરફથી માનસિક યા શારીરિક શોષણ થતું રહે છે.

આપણી આસપાસમાં જ નજર કરીએ તો જણાશે કે બાજ્ઞા રીતે ભણેલી-ગણેલી ઘણી ખરી સ્ત્રીનું જીવન આજે એકવીસમી સદીના ઉત્તરાર્ધમાં પણ અઢારમી અને ઓગણીસમી સદીની નારી જેવું પરાધીન અને અત્યાચારોથી ઘેરાયેલું રહેતું હોય છે. ફેસબૂક, વોટ્સ-એપ અને ટ્વિટરના આ જમાનામાં વર્કિંગ વૂમન હોય કે નોકરીયાત વૂમન હોય તેના ઉપર પિતા કે ભાઈ અથવા પતિ કે સાસરિયાની જાસુસ નજર રહેતી હોય છે. આવી નજર જાણ્યે કે અજાણ્યે પણ તેનો પીછો કરતી રહે છે. સ્ત્રીને એમ લાગે કે તેની કાળજી લેવામાં આવી રહી છે, પરંતુ તેની કાળજી રાખવામાં આવતી હોય એવું ઓછું અને તેના ઉપર ચાંપતી નજર રાખવામાં આવતી હોય એવું વધારે બનતું હોય છે.

**સ્ત્રીને એમ લાગે કે તેની કાળજી લેવામાં આવી રહી છે, પરંતુ તેની કાળજી રાખવામાં આવતી હોય એવું ઓછું અને તેના ઉપર ચાંપતી નજર રાખવામાં આવતી હોય એવું વધારે બનતું હોય છે**

સંસ્કૃતમાં એક સુભાષિત છે, જેનો ભાવાર્થ એ છે કે - સ્ત્રીના જન્મથી લઈને તેના યુવાન થતા સુધી અથવા લગ્ન સુધી તેના ઉપર પિતા અથવા ભાઈનું આધિપત્ય રહે છે. સ્ત્રી યુવાન બને ત્યારે તેના ઉપર તેના મિત્ર (પુરુષમિત્ર)નું અને લગ્ન પછી તેના પતિનું આધિપત્ય સ્થપાય છે. જયારે સ્ત્રી મા બને છે અને સંતાનમાં દીકરો હોય તો એ દીકરો યુવાન થાય ત્યારે યુવાન પુત્રનું સ્ત્રી ઉપર આધિપત્ય આવી જાય છે.

આ જ વાત મહર્ષિ ભર્તુહરિએ શૃંગાર શતકમાં પણ સમજાવી છે કે સ્ત્રીના પ્રથમ જીવનકાળ (પ્રથમ વીસ વર્ષ)માં તેના પિતા જાણે તેના માલિક હોય છે. એ પછીના એટલે કે દ્વિતીય જીવનકાળ (બીજા વીસ વર્ષ અથવા એકવીસથી ચાળીસ વર્ષના સરેરાશ ગાળા)માં તેના ઉપર તેના પતિ અથવા જીવનસાથીનો જાણે માલિકીભાવ રહે છે. જયારે ત્રીજા અથવા અંતિમ જીવનકાળ (એકતાળીસથી સાહીઠ વર્ષ સુધી અથવા મૃત્યુ પર્યંત)માં સ્ત્રીના સંતાન, મોટા ભાગે પુત્રનો માલિકીભાવ તેના ઉપર રહેતો હોય છે. કાળજી અથવા લાગણી એવા રુપાળા નામ હેઠળ માલિકીભાવ છુપાવીને રાખવામાં આવે છે. રાજ કરવામાં આવે છે, પણ પ્રેમથી. જે વાતની મોટા ભાગની સ્ત્રીઓને મૃત્યુ પર્યંત ખબર પડતી નથી, એવું નથી. સ્ત્રીઓ બધું જ સમજે છે. છતા ચલાવી લેતી હોય છે.

હમણા એક કિસ્સો જાણવા મળ્યો. ખુદ પત્નીએ કબુલ કહ્યું કે તેના પતિ તેને નોકરીના સ્થળે સવારે મૂકવા આવે છે અને સાંજે લેવા માટે આવે છે. આવું પહેલા નહોતું બનતું. પરંતુ પત્ની ઉપર જયારથી શંકા વ્યક્ત કરવામાં આવી ત્યારથી પતિએ પોતાનો પ્રેમ વધારે બતાવવા માંડ્યો. પતિને એમ કે આવી બારીકાઈથી પત્નીને ખબર નહી જ પડે. પરંતુ પત્નીએ ખબર હોવા છતા એવો અણસાર તેના પતિને આવવા દીધો નથી. પતિ દરરોજ તેની પત્નીને રિશેષના સમયે પણ ફોન કરી કરીને પોતાનો સ્નેહ દર્શાવવાના બહાને સંપર્ક કરતો રહે. જેથી પત્ની રિશેષમાં કયાં છે, શું કરે છે, તેની જાણકારી થાય. આ બધી જ બાબત તે પત્ની જાણે છે. પરંતુ લગ્નસંસાર તૂટી ન જાય એવી ભીતિએ પતિની હકુમત ચલાવ્યા કરે છે.

આવો જ એક કિસ્સો પુરુષના શાસનનો છે. પતિને બાય પ્રોફેશન અન્ય સ્ત્રીઓ સાથે વાત કરવાનું અને ફ્રેન્ડશીપ રાખવાનું બને તે વાતનો તેની પત્નીએ વિરોધ કરવાનો નહી. જયારે બીજી તરફ પત્નીએ કોની સાથે વાત કરવાની, કોની સાથે બોલવાનું અને કોની સાથે નહી બોલવાનું, એ વાતનો નિર્ણય તેના પતિ જ કરે. પત્નીએ દલીલ પણ કરી જોઈ કે આ તે ક્યાંનો ન્યાય? અહી પણ મુદ્દો ફરી પાછો એ જ લગ્નજીવન બચાવી રાખવા, ટકાવી રાખવા માટેનો આવે. સ્ત્રીએ શરણાગતિ સ્વીકારી લેવી પડે છે.

એક યુગલના કિસ્સામાં તો પતિએ તેની પત્નીને સ્માર્ટ ફોનની જીદ હોવા છતા સાદો સીધો મોબાઈલ જ વાપરવાની છુટ આપી છે, તો અન્ય એક કિસ્સામાં પતિએ તેની પત્નીને સ્માર્ટ ફોન વાપરવા દેવાની જાણે પોતે માલિક હોય તેમ મંજુરી અવશ્ય આપી છે, પરંતુ પતિ ગમે ત્યારે તેની પત્નીનો મોબાઈલ ફોન લઈને તેનું ફેસબૂક ઈન બોક્સ અને વોટ્સ-એપ એકાઉન્ટ અને મેસેજીસ વગેરે ચેક કરે છે. આવા સંજોગોમાં સ્ત્રી કોઈ સાથે જરા સરખી પણ વાત કે ચેટ કરે કે તરત તેણે સાવધાનીપૂર્વક બધા જ મેસેજીસ ડિલિટ કરી નાખવાની કાળજી લેવી પડે છે. આવી કાળજી નહી લેવા બદલ દર મહિને સરેરાશ બેથી ત્રણ વખત ગૃહકલેશ પણ થઈ ચુક્યા છે. અહી પણ સ્ત્રીને - પત્નીને લગ્નજીવન બચાવવાની જાણે ગરજ હોય એમ ચૂપચાપ પતિનો માનસિક ત્રાસ સહન કરવો પડે છે.

વિશ્વમાં મહિલા સશક્તિકરણ વર્ષની સને ૨૦૦૩માં દુનિયાભરના દેશોમાં ઉજવણી કરવામાં આવી હતી. વીસમી સદીમાં છેક સને ૧૯૬૭માં મહિલાવાદી ચળવળનો આરંભ થયો. અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર મિસિસ જો ફ્રીમેન અને હીથર બૂથ તથા નાઓમી વિસ્ટેઈન એમ ત્રણ જણાએ ભેગા મળીને મહિલા ચળવળનો આરંભ કરાવ્યો. પરંતુ આજે પરિસ્થિતિ શું છે, એ આપણે સૌ જાણીએ છીએ.

**સ્ટોપરઃ-**

જીવનમાં ઉદાસીના કારણો તો ઘણા બધા હોઈ શકે, પરંતુ ખુશ રહેવાનો આનંદ જ કંઈક જુદો હોય છે.

- લિયોનાર્ડો દ વિંચી